# <u>સ્વતંત્ર ઓડિટરનો હેવાલ</u>

પ્રતિ
ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડરના સભાસદો,

**<u>નાણાંકીય નિવેદનો ઉપરનો હેવાલ</u>**

અમે, આ સાથે જોડેલા, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના ૩૧ મી માર્ચ ૨૦૧૪ ના રોજ પુરા થયેલા સરવૈયા તેમજ એજ તારીખે પુરાં થયેલાં વર્ષ માટેના નફા અને નુકસાન ખાતાંના નિવેદન તથા રોકડ પ્રવાહના નિવેદન અને નોંધપાત્ર હિસાબી નીતિઓના સારાંશ તથા અન્ય સ્પષ્ટતા કરતી માહિતીનું ઓડિટિંગ કર્યું છે – તપાસણી કરી છે.

**<u>નાણાંકીય નિવેદનો માટે મેનેજમેન્ટની જવાબદારીઓ</u>**

૧૯૫૬ ના કંપની ધારાની કલમ ૨૧૧ ની પેટા કલમ (૩સી) તથા કંપની ધારા – ૨૦૧૩ ની કલમ – ૧૩૩ અનુસંધાને બહાર પાડેલ તા. ૧૩ સપ્ટેમ્બર – ૨૦૧૩ ના સામાન્ય સરક્યુલર નં. ૧૫ /૨૦૧૩ સાથે વાંચતા જણાવ્યા મુજબના હિસાબી ધોરણો અનુસાર કંપનીની નાણાકીય પરિસ્થિતિ, નાણાકીય કામગીરી અને કંપનીના રોકડ પ્રવાહ અંગે સાચું અને વાજબી ચિત્ર રજુ કરતું નાણાંકિય નિવેદન તૈયાર કરવા માટે મેનેજમેન્ટ જવાબદાર છે. આ જવાબદારીમાં કંપનીનું સાચું અને વાજબી ચિત્ર રજુ કરે અને છેતરપીંડી કે ગોટાળાના કારણે કે પછી ભૂલને કારણે મહત્વની ગેરરજુઆતથી મુક્ત હોય એવાં નાણાંકીય નિવેદનો તૈયાર કરવા અને રજુ કરવા માટે પ્રસ્તુત એવા આંતરિક નિયંત્રણની ડીઝાઈન, અમલ અને જાળવણીનો સમાવેશ થાય છે.

**<u>ઓડિટરની જવાબદારીઓ</u>**

અમારી જવાબદારી, અમારી તપાસના આધારે આ નાણાંકીય નિવેદનો અંગે અભિપ્રાય વ્યક્ત કરવાની છે. અમે અમારું ઓડિટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિ,યા દ્વારા બહાર પાડવામાં આવેલા ઓડિટિંગના ધોરણો અનુસાર હાથ ધર્યું હતું. આ ધોરણો અનુસાર એ જરૂરી છે કે, આ નાણાંકીય નિવેદનો મહત્વની ગેરરજુઆતથી મુક્ત છે કે કેમ એ અંગે વાજબી ખાત્રી મેળવવા અમે નૈતિક આવશ્યકતાઓનું પાલન કરીએ અને તપાસના કામનું (ઓડિટિંગ) આયોજન કરીએ અને એ હાથ ધરીએ.

તપાસ કે ઓડિટના કામમાં, નાણાંકીય કામમાં, નાણાંકીય નિવેદનમાંના આંકડા અને જાહેરાતો – ખુલાસા વિશે ઓડિટના પુરાવા મેળવવા માટેની કાર્યવિધિ હાથ ધરવાનો સમાવેશ થાય છે. પસંદ કરાયેલી કાર્યવિધિ કે કાર્યપદ્ધતિઓનો આધાર, ગોટાળા અથવા ભૂલના કારણે નાણાંકીય નિવેદનમાં રહેલા, મહત્વની ગેરરજુઆત અંગેના જોખમના કયાસ સહિત ઓડિટરની વિવેકબુદ્ધિ ઉપર રહેલો છે. આવાં જોખમો અંગેનો કયાસ કાઢવા દરમ્યાન, ઓડિટર નાણાંકીય નિવેદનો અંગેની કંપનીની તૈયારીઓ અને એની યોગ્ય રજુઆત સંબંધમાં – એને પ્રસ્તુત એવા આંતરિક નિયંત્રણની વિચારણા કરે છે, એને ધ્યાનમાં લે છે અને એના આધારે સંજોગોને અનુરૂપ ઓડિટની કાર્યપદ્ધતિઓ ઘડે છે. ઓડિટ કે તપાસના કાર્યમાં , અમલમાં મુકાયેલી હિસાબી નીતિઓની યોગ્યતાનું તેમજ મેનેજમેન્ટ દ્વારા બાંધવામાં આવેલા હિસાબી અંદાજોના વાજબીપણાનું મૂલ્યાંકન કરવાનો તથા નાણાંકીય નિવેદનોની એકંદર રજુઆતોનું મૂલ્યાંકન કરવાનો પણ સમાવેશ થાય છે.
અમારું માનવું છે કે, અમે ઓડિટ તપાસના જે પુરાવા મેળવ્યા છે એ ઓડિટ સંબંધમાં અમારો અભિપ્રાય આપવાનો ઈન્કાર કરવા માટે આધાર પૂરો પાડવા પુરતા અને યોગ્ય છે.

**<u>અભિપ્રાય આપવાના ઈન્કારનો આધાર</u>**

(એ) ટ્રેડ રીસીવેબલ, ટ્રેડ પેયેબલ, મળવા પાત્ર અને ચૂકવવા પાત્ર સબસીડી, લોન અને પેશગી, અન્ય ચાલુ અને અન્ય નોન કરન્ટ જવાબદારીઓ સંબંધમાં કંપનીને કોઈપણ પાર્ટી પાસેથી સમર્થન મળ્યું નથી. સિવાયકે નોંધ – ૨૨.૧૬માં દર્શાવ્યા મુજબ

(બી) કંપનીએ અતિસૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસોના વિકાસ અંગેના ૨૦૦૬ ના કાયદા હેઠળ આવરી લેવાયેલા સપ્લાયરો અંગેના માહતી એકઠી નથી કરી.

(સી) કંપનીએ સ્થાવર મિલકતોનું પત્રક અદ્યતન કરેલ નથી. જેના કારણે સ્થાવર મિલકતો જેમાં ચાલુ મૂડી રોકાણોનો સમાવેશ થાય છે તેવી મિલકતો ચોપડે નાણાંકીય પત્રકમાં દર્શાવેલ છે તેવી બાકી રકમને ટેકો મળતો નથી. વર્ષ દરમ્યાન કંપનીઓ પ્રત્યક્ષ ચકાસણી આ સ્થાવર મિલકતોની કરાયેલ નથી. આમ સ્પષ્ટ અને ચોક્કસ પુરાવા ભૌતિક તપાસણી સંદર્ભે મળતા ન હોવાથી મિલકતોનું નુકસાન નક્કી થઈ શકેલ નથી. જે જોતાં, નિયામકોએ હિસાબી માનાંક (એએસ ૨૮) “ મિલકતોને નુકસાન “ ની જરૂરિયાતોનું પાલન કરેલ નથી (હિસાબી માનાંક) – રૂલ્સ ૨૦૦૬, પૂરતી અને યોગ્ય માહિતીના અભાવે, તેની હિસાબો પર અસર નક્કી થઈ શકી નથી.

**<u>અભિપ્રાયનો ઈન્કાર</u>**

અમારા અભિપ્રાય અને અમારી શ્રેષ્ઠ માહિતી મુજબ તેમજ અમને અપાયેલા ખુલાસા અનુસાર અભિપ્રાય આપવાના ઈન્કારના પેરેગ્રાફમાં જણાવાયેલી બાબતની સંભવિત અસર સિવાય, આ નાણાંકીય નિવેદનો, કંપની ધારામાં જણાવાયેલી રીતે, કાયદા મુજબ જરૂરી માહિતી પુરી પાડે છે અને ભારતમાં સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિદ્ધાંતો અનુસાર નીચેની બાબતોનું સાચું અને વાજબી ચિત્ર રજુ કરે છે :

(એ) સરવૈયાના કિસ્સામાં, ૩૧ મી માર્ચ ૨૦૧૪ ના રોજની કંપનીની પરિસ્થિતિની

(બી) નફા અને નુકસાન ખાતાના કિસ્સામાં, એ તારીખે પૂરા થયેલા વર્ષ માટેના કંપનીના નફાની, અને

(સી) રોકડ પ્રવાહના નિવેદનના કિસ્સામાં, એ તારીખે પૂરા થયેલાં વર્ષ માટેના રોકડ પ્રવાહની

મહત્વની બાબત

(એ) કોર્પોરેશન દ્વારા અન્ય કંપનીઓમાં મૂકાયેલી આંતર કંપની ડિપોઝીટો અંગેની નોંધ નં. ૧૦.૨ અને કોર્પોરેશનને મળેલી આંતર કંપની ડિપોઝીટો અંગેની નોંધ નં. ૩ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

અન્ય કાયદાકીય અને નિયમનકારી જરૂરિયાતો અંગેનો હેવાલ

(૧) કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૫૬ ના કંપની ધારાની કલમ ૨૨૭ ની પેટા કલમ (૪એ) ની શરતો અનિસાર બહાર પાડવામાં આવેલા, કંપનીઓના (ઓડિટરોના હેવાલ) સુધારેલા હૂકમ ૨૦૦૩ અનુસાર, આ હુકમના પેરેગ્રાફ ૪ અને ૫ માં જણાવાયેલી બાબતો અંગે અમે આ સાથેના પરિશિષ્ટમાં એક નિવેદન જોડ્યું છે.

(૨) અમે કંપની કાયદાની કલમ ૨૨૭ (૩) મુજબ જણાવીએ છીએ કે,

(એ) અભિપ્રાય આપવાનો ઈન્કાર કરવાના આધારના પેરેગ્રાફમાં જણાવાયેલી બાબત સિવાય ઓડિટ માટે, અમારી શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ જે કોઈ માહિતી અને સ્પષ્ટતા જરૂરી હતી એ તમામ માહિતી અને ખુલાસાઓ અમે મેળવ્યા છે.

(બી) અમારા અભિપ્રાય મુજબ, કંપનીના હિસાબી ચોપડાની અમારી તપાસ ઉપરથી જણાય છે ત્યાં સુધી કંપની દ્વારા કાયદા મુજબ જરૂરી યોગ્ય હિસાબી ચોપડા રાખવામાં આવ્યા છે.

(સી) આ હેવાલમાં જે સરવૈયા અને નફા – નુકસાન ખાતાંનો ઉલ્લેખ કરાયો છે, એ હિસાબી ચોપડાં તથા જે શાખાઓની અમે મુલાકાત નથી લીધી એવા તરફથી મળેલા રીટર્ન્સ સાથે બંધબેસતાં છે.

(ડી) અભિપ્રાય આપવાના ઈન્કાર કરતાં આધારના પેરેગ્રાફમાં જણાવાયેલી બાબતની સંભવિત અસરો સિવાય, અમારા અભિપ્રાય મુજબ, આ હેવાલ સાથેનું સરવૈયું, નફા – નુકસાન ખાતું અને રોકડ પ્રવાહનું નિવેદન, ૧૯૫૬ ના કંપની ધારાની ૨૧૧ મી કલમની પેટા કલમ (૩સી) માં જે હિસાબી ધોરણોનો ઉલ્લેખ છે એને અનુસરે છે.

(ઈ) કેન્દ્રીય કાયદા, ન્યાય અને કંપનીની બાબતોનાં મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ૨૨ –૩–૨૦૦૨ ના પરિપત્ર નં. ૮ /૨૦૦૨ મુજબ, સરકારી કંપનીઓને, ૧૯૫૬ ના કંપની ધારાની ૨૭૪ મી કલમની પેટા કલમ (૧) ના ક્લોઝ (જી) ના અમલમાંથી, આ કલમ હેઠળ, ડિરેક્ટરોની ગેરલાયકાત સંબંધમાં મુક્તી આપવામાં આવી છે.

પી. એમ. પટેલ એન્ડ કંપની
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

સ્થળ : અમદાવાદ (પી.એમ.પટેલ)
તા. ૨૯ મી ડીસેમ્બર, ૨૦૧૪ ભાગીદાર

સભ્યપદ નં. ૦૮૮૬૯
પેઢીનું રજી. નં. ૧૦૭૭૪૧ ડબલ્યુ

**કંપનીના (ઓડિટરોનો હેવાલ) હૂકમ, ૨૦૦૩ અંગે નિવેદન**
**ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સભાસદો સમક્ષ રજૂ થયેલા**
**તારીખ ૨૯ મી ડીસેમ્બર ૨૦૧૪ ના ઓડિટરોના હેવાલની પુરવણી**

કેન્દ્ર સરકારે, ૧૯૫૬ ના કંપની ધારાની કલમ ૨૨૭ ની પેટા કલમ (૪એ) ની શરતો અનુસાર બહાર પાડેલા કંપનીઓના (ઓડિટરોના હેવાલ) હૂકમ ૨૦૦૩ હેઠળ આવશ્યક તથા અમનો યોગ્ય જણાઈ એવી ચકાસણીના આધારે, અને અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતા તેમજ અમારી સમક્ષ જાહેર કરાયેલા મહત્વના નિવેદનો અનુસાર અમે જણાવીએ છીએ કે,

(૧) <u>સ્થાવર મિલકતો સંબંધમાં</u> :

(એ) કંપનીએ સ્થાવર મિલકતોનું રજીસ્ટર રાખ્યું છે. ગમે એમ પણ અમારા અભિપ્રાય મુજબ આ રજીસ્ટર સંપૂર્ણ અને સર્વગ્રાહી નથી, કારણકે અગાઉના વર્ષે કંપની દ્વારા ભૌતિક ચકાસણી માટે નિમાયેલા બહારના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને એમાં વિસંગતતા જણાઈ હતી. જેનો ભૌતિક ચકાસણીના હેવાલમાં ઉલ્લેખ કરાયો છે. ઓડીટનાં વર્ષ દરમ્યાન આ કામગીરી કંપની દ્વારા રીડ્રેસ કરેલ નથી. જે પ્રોજેક્ટનાં અમલીકરણ હેઠળ છે તેનાં પ્રગતિમાં રહેલા મૂડીરોકાણનો રેકોર્ડ કંપનીએ રાખેલ નથી. આથી આ રજીસ્ટરને અપડેટ કરવાની તેમજ એમાં જરૂરી સુધારા કરવાની આવશ્યકતા છે.

(બી) અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતા અનસાર, ભૌતિક ચકાસણીના હેવાલમાં ચોક્કસ વિસંગતતાઓ અને લાયકાતો સંબંધમાં ઉલ્લેખ કરાયો હતો અને એના આધારે કંપનીએ ચકાસણી હેવાલના સંદર્ભમાં પગલાં ભરવા એસેટ મેનેજમેન્ટ કમિટીની રચના કરી છે. જો કે, આ હેવાલની તારીખ સુધીમાં કોઈ પ્રત્યક્ષ ચકાસણી એસેટ મેનેજમેન્ટ કમીટી કે બોર્ડ ઓફ ડાયરેક્ટર દ્વારા હાથ ધરાયેલ નથી. ચકાસણીના હેવાલ ઉપરથી ધ્યાનમાં આવેલી વિસંગતતા નિયમિત કરવાની હજી બાકી છે.

(સી) વર્ષ દરમ્યાન કંપનીએ સ્થાવર મિલકતોના કોઈ નોંધપાત્ર હિસ્સાનો નિકાલ નથી કર્યો. આથી એક ચાલુ હાલતમાંની કંપની તરીકેના કંપનીના દરજ્જા ઉપર કોઈ માઠી અસર નથી થઈ.

(૨) <u>માલસામાન વગેરેની યાદીઓ (ઈન્વેન્ટરીઝ) સંબંધમાં</u> :

(એ) કંપનીની મેનેજમેન્ટે માલસામાન વગેરેની યાદીઓ – ઈન્વેન્ટરીઝની વર્ષ દરમ્યાન આંતરિક ઓડિટરો દ્વારા ભૌતિક ચકાસણી કરાવી છે. અમારા મત મુજબ, ચકાસણીની સંખ્યા વાજબી છે.

(બી) અમારા અભિપ્રાય અનુસાર તેમજ અમને અપાયેલી માહિતી અને સ્પષ્ટતાઓ મુજબ, મેનેજમેન્ટ દ્વારા ઈન્વેન્ટરીઝની ભૌતિક ચકાસણી માટે અનુસરવામાં આવતી કાર્યપદ્ધતિઓ, કંપનીના કદ અને એના વ્યાપારના પ્રકારના સંબંધમાં વાજબી છે.

(સી) અમારા અભિપ્રાય અનુસાર તેમજ અમને અપાયેલી માહિતી અને સ્પષ્ટતાઓ મુજબ, કંપની ઈન્વેન્ટરીઝનો યોગ્ય રેકોર્ડ જાળવે છે. ભૌતિક ચકાસણી દરમ્યાન ધ્યાન ઉપર આવેલી ક્ષતિઓ, જે ખાસ મહત્વની નહોતી, એના અંગે હિસાબી ચોપડામાં યોગ્ય રીતે નોંધ લેવાઈ છે.

(૩) <u>૧૯૫૬ ના કંપની ધારાની કલમ ૩૦૧ હેઠળ રાખવામાં આવતાં રજીસ્ટરમાં આવરી લેવાયેલી પાર્ટીઓને કંપનીએ મંજૂર કરેલી લોન સંબંધમાં</u> :

(એ) અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર, ૧૯૫૬ ના કંપની ધારાની કલમ ૩૦૧ હેઠળ રાખવામાં આવતાં રજીસ્ટરમાં નોંધાયેલી કંપનીઓ, પેઢીઓ કે અન્ય પાર્ટીઓને આ કંપનીએ જામીનગીરીવાળી અથવા જામીનગીરી વગરની કોઈપણ લોન મંજૂર કરી નથી. આથી આ હૂકમના કલોઝ (૩) ના પેટાક્લોઝ (બી), (સી), (ડી), (ઈ), (એફ) અને (જી) ની આવશ્યકતા આ કંપનીને લાગુ પડતી નથી.

(૪) <u>આંતરિક નિયંત્રણો સંબંધમાં</u> :

અમારા અભિપ્રાય મુજબ તેમજ અમલમાં મૂકાયેલી આંતરિક નિયંત્રણની સીસ્ટમની એકંદર તપાસ અનુસાર તથા અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ પ્રમાણે તેમજ ઓડિટ દરમ્યાન ધ્યાનમાં આવેલી કેટલીક બાબતો હવે પછી નીચે ચર્ચા થયા મુજબ નાણાંકીય નોંધમાં પૂરી પાડેલ વિગતોના આધારે આંતરિક નિયંત્રણની સિસ્ટમને સુદ્રઢ કરવાની તેમજ એમાં સુધારા કરવાની આવશ્યકતા છે.

**(એ) કુલ બાકી દેવાદારોમાં શંકાસ્પદ દેવાનું મોટું પ્રમાણ :**

| વિગત | તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિઓ | તા.૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિઓ |
|---|---|---|
| કુલ બાકી દેવાદારો | ૨૪,૪૯,૭૬,૧૬૪ | ૨૪,૬૪,૩૩,૪૪૯ |
| નિયામકોએ શંકાસ્પદ ગણેલ દેવાદારો | ૭,૪૮,૮૭,૧૮૨ | ૭,૪૭,૧૧,૦૦૫ |
| પ્રમાણ | ૩૦.૫૭% | ૩૦.૩૨% |

**(બી) સંમતી પત્ર નથી મળતા તેવા :**

કંપની પાસે દેવાદારો, લેણદારો, જવાબદારીઓ, પેશગીઓ બાબતે સંમતી પત્ર મેળવવાની મજબુત સિસ્ટમ નથી. નીચે ટેબલમાં કુલ બાકીની સામે સંમતી પત્ર મળેલ બાકીની વિગતો દર્શાવેલ છે.

| વિગત | કુલ બાકી રકમ રૂ. | સંમતી બાકી રૂ. |
|---|---|---|
| મળવાપાત્ર બાકી | ૧૬,૯૨,૨૧,૪૮૩ | ૨૮,૨૨,૮૧૪ |

| | | |
|---|---|---|
| ચૂકવવપાત્ર બાકી | ૨૧,૮૦,૦૦,૬૮૫ | ૦ |
| લોન અને પેશગી | ૧,૯૫,૪૫,૯૧,૬૧૩ | ૧,૫૨,૦૦,૦૦,૦૦૦ |
| લોન અને જવાબદારીઓ | ૨૦,૦૦,૦૦,૦૦૦ | ૦ |
| અન્ય ચાલુ મિલકતો | ૧૦,૧૧,૨૪,૪૪૧ | ૬,૧૧,૫૯,૦૯૬ |
| અન્ય ચાલુ જવાબદારીઓ | ૧,૮૭,૩૮,૪૬,૪૩૬ | ૦ |

**(સી) સ્થાવર મિલકતોની પ્રત્યક્ષ ચકાસણીનાં શિથિલતા :**

ઓડીટના વર્ષ દરમ્યાન એસેટ મેનેજમેન્ટ કમીટી કે બોર્ડ ઓફ ડીરેક્ટર્સે પ્રત્યક્ષ ચકાસણી કરેલ નથી. તેવું અમોને જણાવેલ છે. વધુમાં એવું નોંધેલ છે કે પાછલા વર્ષમાં બહારની એજન્સી પાસે પ્રત્યક્ષ ચકાસણી કરાયેલ તેના રીપોર્ટ પર કોઈ પગલાં લેવામાં આવતાં નથી. આમ સ્થાવર મિલકત રજીસ્ટર જે કંપની પાસે છે તે અપડેટ નથી કરેલ અને જરૂરી વિગતો દર્શાવવી જોઈએ તે કંપની મિલકતો ખાસ કરીને મૂડીનાં ચાલુ કામો દરમ્યાન ઉભી થયેલ અસ્કયામતો બાબતમાં દર્શાવતા નથી.

**(૫) ૧૯૫૬ ના કંપની ધારાની કલમ ૩૦૧ હેઠળ રાખવામાં આવતા રજીસ્ટરમાં જેની નોંધ લેવી જરૂરી છે એવા સોદાઓ (વ્યવહારો) સંબંધમાં :**

કંપની ધારાની કલમ ૩૦૧ અનુસાર રજીસ્ટરમાં જેની નોંધ કરવી જરૂરી હોય એવા કોઈ સોદા થયા નથી. આથી આ હૂકમના ક્લોઝ (૫) ના પેટા ક્લોઝ (એ) અને (બી) ની આવશ્યકતાઓ આ કંપનીને લાગુ પડતી નથી.

**(૬) જાહેર પ્રજા પાસેથી, લેવાયેલી ડીપોઝીટ સંબંધમાં :**

અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર કંપનીએ ૧૯૫૬ ના કંપની કાયદાની કલમ, ૫૮એ, ૫૮એએ અને અન્ય કોઈ સંબંધકર્તા જોગવાઈઓના અર્થઘટન અને એની હેઠળ ઘડાયેલા નિયમો અંતર્ગત જાહેર પ્રજા પાસેથી કોઈ ડીપોઝીટો સ્વીકારી નથી.

**(૭) આંતરિક ઓડિટની સીસ્ટમ સંબંધમાં :**

આંતરિક ઓડિટ પદ્ધતિ – સીસ્ટમની પ્રાથમિક સમીક્ષા ઉપરથી એવું જણાવાયું હતું કે, બહારના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત આંતરિક ઓડિટ દ્વારા આ અંગેની વ્યવસ્થા કંપનીમાં અમલમાં છે, પરંતુ કંપનીના વ્યાપાર – કામકાજના પ્રકાર અને કદને ધ્યાનમાં લેતાં અને અમલમાં મૂકાયેલી આંતરિક નિયંત્રણની સીસ્ટમને લક્ષમાં લેતાં, અમે એવો દ્રઢ અભિપ્રાય ધરાવીએ છીએ કે, સીસ્ટમ હેઠળ વિવિધ નિયમો વગેરેના પાલન તથા એના કાર્યક્ષેત્રના સંદર્ભમાં, આંતરિક નિયંત્રણ સીસ્ટમની અસરકારકતાને વધુ મજબુત કરવાની જરૂર છે.

**(૮) કોસ્ટ રેકોર્ડની જાળવણી સંબંધમાં :**

અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર, ૧૯૫૬ ના કંપની ધારાની કલમ ૨૦૯ ની પેટા કલમ (૧) ના કલોઝ (ડી) ની શરતો મુજબ, કંપનીને કોસ્ટ રેકોર્ડસ રાખવાની આવશ્યકતા છે, પણ કંપની દ્વારા આવો કોઈ રેકોર્ડ રાખવામાં નથી આવતો. કંપનીએ કોસ્ટ રેકોર્ડ તૈયાર કરવાનું કામ બહારના કોસ્ટ એકાઉન્ટન્ટને સોંપ્યું હોવાનું જણાય છે, જો કે આ હેવાલની તારીખ સુધીમાં આવો કોઈ રેકોર્ડ રજુ કરાયો નહોતો.

**(૯) કાયદેસરનાં દેવા સંબંધમાં :**

(એ) કંપનીના રેકોર્ડ મુજબ, બિનવિવાદાસ્પદ કાયદેસર ચૂકવવાની થતી રકમ જેવી કે, પ્રોવીડંડ ફંડ, કર્મચારીઓની રાજ્ય વીમા યોજનામાં ભરવાની રકમ, આવકવેરો, આબકારી જકાત, વેટ, સર્વિસ ટેક્ષ વગેરે ડિપોઝીટ કરાવવામાં કંપની સામાન્ય રીતે નિયમિત છે.

(બી) તકરાર – વિવાદના કારણ જમા ન કરાવેલા આવકવેરા અને વેચાણવેરાની વિગતો નીચે મુજબ છે.

| દેવાનો પ્રકાર | રકમ આવવાની બાકી હોય એ ફોરમ | જ્યાં તકરાર – વિવાદનો ઉકેલ |
|---|---|---|
| વેટ – વેલ્યુ એડેડ ટેક્ષ | ૨,૭૨,૦૦૦ | કોમર્શીયલ ટેક્સ એપેલટ ટ્રિબ્યુનલ |
| આવક વેરો (આકારણી વર્ષ ૦૫-૦૬) | ૯૩,૫૬,૦૦૦ | નામદાર ગુજરાત હાઈકોર્ટ |
| આવક વેરો (આકારણી વર્ષ ૮૪-૮૫) | ૧,૩૦,૦૦૦ | આવક વેરા એપેલેટ ટ્રીબ્યુનલ |

ઉપરના આંકડા કંપનીએ આપેલી માહિતીના આધારે લેવાયા છે અને એનાં પરિણામે જો કોઈ વ્યાજ અને દંડ ભરવાના થયા હોય તો, એની હેવાલની તારીખ સુધીમાં કોઈ જાણ ન કરાતાં એના વિશે કોઈ જોગવાઈ નથી થઈ. વધુમાં કેટલીક મિલકતો બાબતનો મ્યુ. ટેક્ષ સમયસર ભરેલ નથી. બાકી મ્યુ. ટેક્ષની વિગતો અમોને પૂરી પાડી નથી. તેથી રીપોર્ટ કરી શકતાં નથી.

**(૧૦) એકઠી થયેલી ખોટ અને રોકડ ખોટ સંબંધમાં :**

કંપની છેલ્લાં પાંચ વર્ષથી રજીસ્ટર્ડ થયેલી છે અને એ ભૂતકાળની એકઠી થયેલી કોઈ ખોટ ધરાવતી નથી. કંપનીએ ઓડિટ હેઠળનાં વર્ષ દરમ્યાન અને એની અગાઉના નાણાંકીય વર્ષ દરમ્યાન કોઈ રોકડ ખોટ નથી કરી.

**(૧૧) નાણાંકીય સંસ્થાઓ / બેંકો / ડીબેન્ચરોનાં લેણાં સંબંધમાં :**

અમારા મત મુજબ, કંપનીએ ઓડિટ હેઠળના સમયગાળા દરમ્યાન બેંકો અને નાણાંકીય સંસ્થાઓને એનાં લેણાંની પરત ચૂકવણીમાં કોઈ ચૂક નથી કરી.

**(૧૨) જામીનગીરીના આધારે મંજૂર કરાયેલી લોન અને પેશગી સંબંધમાં :**

કંપનીના કામકાજના પ્રકારને લક્ષમાં લેતાં, હૂકમના પેરેગ્રાફ (૪) નો ક્લોઝ (૧૨) લાગુ પડતો નથી.

**(૧૩) ચિટ ફંડ / નિધ / મ્યુચ્યુઅલ બેનીફિટ ફંડ /સોસાયટીઓને લાગુ પડતી જોગવાઈઓ સંબંધમાં :**

કંપનીના કામકાજના પ્રકારને લક્ષમાં લેતાં, હૂકમના પેરેગ્રાફ (૪) નો ક્લોઝ (૧૩) લાગુ પડતો નથી.

**(૧૪) શેર, સીક્યોરિટી, ડીબેન્ચર અને અન્ય રોકાણોના સોદા અથવા વ્યાપાર – ટ્રેડીંગ સંબંધમાં :**

કંપનીના કામકાજના પ્રકારને લક્ષમાં લેતાં, હૂકમના પેરેગ્રાફ (૪) નો ક્લોઝ (૧૪) લાગુ પડતો નથી.

**(૧૫) અન્ય પાર્ટીએ લીધેલી લોન માટે આપેલી ગેરંટી સંબંધમાં :**

અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર વર્ષ દરમ્યાન કંપનીએ, અન્ય લોકો દ્વારા બેંકો અથવા નાણાંકીય સંસ્થાઓ પાસેથી લેવાયેલી લોન સંબંધમાં કોઈ ગેરંટી આપી નથી.

**(૧૬) મુદ્દતી લોનના ઉપયોગ સંબંધમાં :**

અમારા અભિપ્રાય મુજબ અને અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર કંપનીએ વર્ષ દરમ્યાન અન્ય કોઈ નવી મુદ્દતી લોન મેળવી નથી અને એથી હૂકમના પેરેગ્રાફ (૪) નો ક્લોઝ (૧૬) લાગુ પડતો નથી.

**(૧૭) વાપરવામાં આવેલા ફંડ સંબંધમાં :**

અમારા મત મુજબ અને અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર, કંપનીએ ટૂંકા ગાળાના ધોરણે ઉભા કરાયેલા ફંડનો લાંબા ગાળાનો રોકાણ માટે ઉપયોગ નથી કર્યો.

**(૧૮) શેરોની અગ્રતાક્રમના ધોરણે ફાળવણી સંબંધમાં :**

અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ મુજબ, કંપનીએ ૧૯૫૬ ના કંપની ધારાની કલમ ૩૦૧ હેઠળ રાખવામાં આવતાં રજીસ્ટરમાં આવરી લેવાયેલી પાર્ટીઓ અને કંપનીઓને અગ્રતાક્રમના ધોરણે શરોની ફાળવણી નથી કરી.

**(૧૯) ડીબેન્ચરો માટે ઉભી કરાયેલી જામીનગીરી સંબંધમાં :**

અમારા મત મુજબ અને અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર, કંપનીએ કોઈ ડીબેન્ચર બહાર નથી પાડ્યા અને એથી હુકમના પેરેગ્રાફ (૪) નો ક્લોઝ (૧૯) લાગુ પડતો નથી.

**(૨૦) પબ્લિક ઈસ્યુઝ દ્વારા ઉભા કરાયેલા નાણાંના અંતિમ ઉપયોગ સંબંધમાં :**

અમારા મત મુજબ અને અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર, કંપનીએ પબ્લિક ઈસ્યુ દ્વારા કોઈ નાણાં ઉભા કર્યા નથી અને એથી હુકમના પેરેગ્રાફ (૪) નો ક્લોઝ (૨૦) લાગુ પડતો નથી.

**(૨૧) છેતરપીંડી સંબંધમાં :**

અમને પૂરી પાડવામાં આવેલી માહિતી અને સ્પષ્ટતાઓ અનુસાર, વર્ષ દરમ્યાન કોઈ છેતપીંડી કંપનીના ધ્યાન ઉપર નથી આવી.

પી. એમ. પટેલ એન્ડ કંપની
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ વતી

સ્થળ : અમદાવાદ (પી.એમ.પટેલ)
તા. ૨૯ મી ડીસેમ્બર, ૨૦૧૪ ભાગીદાર

સભ્યપદ નં. ૦૮૮૬૯
પેઢીનું રજી. નં. ૧૦૭૭૪૧ ડબલ્યુ